# ભાજપ અગ્રણીના ફાયદા માટેના બ્રિજમાં અનેક રાજકારણીનો હાથ!

**આ બ્રિજ** માટે ધારાસભ્ય ભરત પટેલ સિવાય તાલુકા ભાજપ પ્રમુખ, મહામંત્રીએ પણ રજૂઆત કરી હતી

વલસાડઃ વલસાડના વશિયરમાં બનેલા બ્રીજના બીજા છેડે ભાજપ અગ્રણી હર્ષદ કટારિયાની વાડી છે. જ્યાં બ્રિજની જરૂર જ નથી ત્યાં જિલ્લા પંચાયતના માર્ગ મકાન વિભાગે બ્રિજ તાણી બાંધ્યો હતો. જેમાં લોકોને ફાયદો થશે એવી વાત કરાઈ હતી, પરંતુ હજુ સુધી આ બ્રિજથી કોઈને ફાયદો થયો નથી. જેની સામે વલસાડ યુથ કોંગ્રેસના મિત દેસાઈ છેલ્લા 8 દિવસથી ઉપવાસ પર બેઠા છે. જેને સમર્થન આપવા આજે ધારાસભ્ય અનંત પટેલ આવ્યા હતા. તેમણે આ અંગે માર્ગ મકાન વિભાગને ખુલાસો પૂછતાં માર્ગ મકાન વિભાગે આ અંગે કરેલો ખુલાસો ચોંકાવનારો નિકળ્યો હતો.

વલસાડ જિ.પં.ના માર્ગ મકાન વિભાગ દ્વારા કરેલા ખુલાસામાં જણાવાયું કે, આ બ્રિજ માટે ગત 7 માર્ચ 2022 ના રોજ ધારાસભ્ય 179 વલસાડ એટલે કે, ભરત પટેલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ 20 માર્ચ 2022 દ્વારા પણ તેમણે સરકારમાં રજૂઆત કરી હતી. એ પછી 9 મે 2022 ના રોજ ધારાસભ્ય અને વલસાડ ભાજપ તાલુકા પ્રમુખ અને તાલુકા મહામંત્રી દ્વારા સંયુક્ત રજૂઆત કરી હતી. જેને લઈ ગત 20 જૂન 2022ના રોજ આ બ્રિજ માટે રૂ. 380 લાખની મંજૂરી મળી હતી. ત્યારબાદ ગત 13 એપ્રિલ 2023ના રોજ તેની તાંત્રિક મંજૂર મળી હતી. જેનથી તેના નિર્માણનું કાર્ય સુરતના નેશનલ કન્સ્ટ્રક્શન નામના કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવ્યું હતુ. આ બ્રિજનો એપ્રોચ રોડ ખાનગી માલિક હર્ષદ કટારિયાની જમીનમાંથી પસાર થતો હોય તેમના દ્વારા ગત 16 માર્ચ 2023ના રોજ મંજૂરી આપવામાં આવી હતી. માર્ગ મકાન વિભાગની રજૂઆતમાં ભાજપ અગ્રણી હર્ષદ કટારિયાની જમીનનો ઉલ્લેખ કરાયો છે તેમજ આ બ્રિજના સ્થળ પર જઈને નિરિક્ષણ કરીએ તો તેનાથી માત્ર અને માત્ર હર્ષદ કટારિયાને જ ફાયદો થાય એવું સ્પષ્ટ દેખાઈ આવે છે.

### અનેક ગામોને જોડતો ઔરંગા નદીનો બ્રિજ હજુ સુધી બની શક્યો નથી

બીજી તરફ વલસાડ ઔરંગા નદીનો લીલાપોરને જોડતો બ્રિજ હજુ સુધી પૂર્ણ થઇ શક્યો નથી. સરકારના આડેધડ કામને લઇ આ બ્રિજ કસ્ટમ ઓફિસના છેડે અટકી ગયો છે. આ બ્રિજ બન્યો ત્યારે માર્ગ મકાન દ્વારા કસ્ટમ ઓફિસની પરવાનગી લીધી જ ન હતી, અને હવે તેમની પરવાનગીનું કાર્ય ચાલુ હોવાનું ગાણું ગાઇ રહ્યા છે. તેમની આ દેખીતી મૂર્ખામી સામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોએ વલસાડ આવવા 4 કિમીનો ચકરાવવો લેવો પડી રહ્યો છે. ત્યારે આ બ્રિજ પર તુરંત તૈયાર થાય એ જરૂરી બન્યું છે.

## ઉમરગામમાં 37 હજાર પડાવનાર નકલી ફૂડ ઇન્સ્પેક્ટર ઝડપાયો

ઉમરગામઃ ઉમરગામમાં દુકાનદારને ડરાવી ધમકાવી ફૂડ ઈન્સ્પેક્ટર હોવાની ખોટી ઓળખ આપી બળજબરીથી રૂપિયા 37,000 કઢાવી લઈ રફૂચક્કર થયેલા આરોપી ઈર્શાદ ખાનને ઉમરગામ પોલીસે ઝડપી પાડ્યો છે. ઉમરગામ ગોકુળધામ ચોરસિયાની બિલ્ડિંગની બાજુમાં રાજુ વડાપાવ નામની નાસ્તાની દુકાન ચલાવતા શૈલેન્દ્ર કમલેશ પ્રસાદ ઉત્તમની દુકાન પર એક અજાણ્યો શખ્સ આવી પોતે ફૂડ ઈન્સ્પેક્ટર હોવાની ઓળખ આપી ધમકાવી 37,000 પડાવી ગયો હતો. આ અંગે ઉમરગામ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે આરોપી ઈર્શાદ મુસ્તફા ખાન (ઉં.વ.36, રહે., સનરાઈઝ રેસિડેન્સી, સંજાણ, ઉમરગામ)ને ઝડપી પાડ્યો હતો અને રૂપિયા 10,170 પણ રિકવર કર્યા હતા. પોલીસે તેને કોર્ટમાં રજૂ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

જાણે દીપડાથી બચવા કૂતરાં પાંજરે પુરાઈ ગયાં

## પાંજરું મૂક્યું દીપડા માટે ને પકડાયાં 3 કૂતરાં !વન વિભાગ સામે આક્રોશ

**ઘડોઈ,** ગોરવાડા અને પાલણ ગામમાં દીપડાઓના આતંકથી ગ્રામજનોમાં ફફડાટ





વલસાડઃ વલસાડ તાલુકાના ઘડોઈ ગામે વન વિભાગની મોટી બેદરકારી સામે આવતા સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ઘડોઈ, ગોરવાડા અને પાલણ ગામમાં છેલ્લા કેટલાક સમયથી 3 જેટલા દીપડાઓનો આતંક વધી ગયો છે. વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. પરંતુ, આશ્ચર્યજનક રીતે દીપડાના બદલે પાંજરામાં શ્વાન (કૂતરાં) કેદ થઈ ગયા હતા. વન વિભાગની આ પ્રકારની કામગીરીને લઈને ગ્રામજનોમાં વન વિભાગ પ્રત્યે ભારે અસંતોષ અને રોષની લાગણી જન્મી છે. સ્થાનિકોની માંગ છે કે વન વિભાગ તાત્કાલિક ધોરણે વ્યૂહરચના બનાવીને દીપડાઓને વહેલી તકે પાંજરે પૂરે, જેથી ગ્રામજનો ભયમુક્ત બની શકે.

# સગીરા સાથે દુષ્કર્મના પ્રયાસમાં આરોપીને 10 વર્ષની સખત કેદ

**દમણ** કોર્ટે આરોપીને 50 હજારનો દંડ ફટકાર્યો, દંડ નહીં ભરે તો વધુ એક વર્ષની સજા



દમણઃ સંઘપ્રદેશ દમણ જિલ્લા અને સત્ર ન્યાયાલયે સાડા ચાર વર્ષથી ચાલી રહેલા પોક્સો કેસમાં મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જિલ્લા અને સત્ર ન્યાયાધીશ રાજેશ તિવારીએ 10 વર્ષીય બાળકી સાથે બળાત્કારના પ્રયાસના કેસમાં આરોપી પ્રશાંત ધનંજય કુમારને દોષિત ઠેરવી 10 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સાથે જ આરોપીને રૂ.50 હજારનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, મરવડ જિલ્લા હોસ્પિટલમાં એક મહિલા સારવાર માટે દાખલ હતી. હોસ્પિટલમાં સુરક્ષાકર્મી તરીકે ફરજ બજાવતા આરોપી પ્રશાંત ધનંજય કુમારે દર્દીની 10 વર્ષની પુત્રીને પાણી લાવવાના બહાને પોતાની સાથે લઈ જઈ તેની સાથે બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો હતો. માતાની ફરિયાદના આધારે નાની દમણ પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો અધિનિયમ સહિત વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. સાડા ચાર વર્ષ ચાલેલી કોર્ટ કાર્યવાહી દરમિયાન કુલ 13 સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. ઉપરાંત, સગીરાના કપડાં પરથી મળેલા સીમેનના નમૂનાની ફોરેન્સિક તપાસમાં આરોપીના ડી.એન.એ. સાથે મેચ થવાની મહત્વપૂર્ણ બાબત પણ સામે આવી હતી. તમામ સાક્ષીઓ, પુરાવાઓ અને વૈજ્ઞાનિક તપાસના અહેવાલોને ધ્યાનમાં લેતા જિલ્લા અને સત્ર ન્યાયાધીશ રાજેશ તિવારીએ આરોપીને દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે સંબંધિત ભારતીય દંડ સંહિતાની કલમો તથા પોક્સો અધિનિયમની કલમ 6 અને 18 હેઠળ આરોપીને 10 વર્ષની સખત કેદ અને રૂ.50 હજારના દંડની સજા સંભળાવી છે. દંડની રકમ નહીં ભરવામાં આવે તો આરોપીને વધુ એક વર્ષની જેલની સજા ભોગવવી પડશે. આ કેસમાં સરકારી વકીલ હરિઓમ ઉપાધ્યાયે અસરકારક દલીલો રજૂ કરાતા આરોપીને કાયદેસરની સજા અપાવવામાં સફળતા મળી છે.



## નવસારીમાં ૪,૦૭૩ ડ્રોપઆઉટ બાળકો ફરી શાળાએ જશે

નવસારીઃ શાળા છોડી ચૂકેલા બાળકોને ફરી શિક્ષણના પ્રવાહમાં લાવવા નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણ વિભાગના ‘સમરસ વિદ્યા સેતુ’ અભિયાનને નોંધપાત્ર સફળતા મળી છે. એસ.એસ. અગ્રવાલ કોલેજ ખાતે નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને તથા આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં અભિયાનની કામગીરી રજૂ કરવામાં આવી હતી.

છેલ્લા ૪થી ૫ મહિનામાં ૪,૦૭૩ ડ્રોપઆઉટ બાળકોને પુનઃ શાળામાં પ્રવેશ અપાવી શિક્ષણ સાથે જોડવામાં આવ્યા છે, જ્યારે ૧,૨૦૦થી વધુ યુવાનોને ITI અને વિવિધ કૌશલ્યવર્ધક અભ્યાસક્રમો સાથે જોડવામાં આવ્યા છે. બાકી રહેલા ડ્રોપઆઉટ બાળકોને શોધી શિક્ષણના પ્રવાહમાં લાવવા આગામી સમયમાં ઘરે-ઘરે જઈ વિશેષ ઝુંબેશ હાથ ધરાશે. મંત્રી કનુભાઈ દેસાઈએ શિક્ષકો અને વાલીઓની ભૂમિકા મહત્વપૂર્ણ ગણાવી હતી.

# દમણમાં 500 સભ્યના DIAની વાર્ષિક સભામાં માત્ર 26 હાજર

**ખાલી** ખુરશીઓએ બતાવી ઉદ્યોગ જગતની નારાજગી



દમણઃ સંઘપ્રદેશ દમણ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન ડી.આઈ.એ. ની 47મી વાર્ષિક સામાન્ય સભા એ.જી.એમ. આજે સોમનાથ સ્થિત ડી.આઈ.એ.ના હોલ ખાતે પ્રમુખ પવન અગ્રવાલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જો કે, 500થી વધુ સભ્યો ધરાવતા સંગઠનની મહત્ત્વપૂર્ણ વાર્ષિક બેઠકમાં માત્ર 26 સભ્યની હાજરીથી સંગઠનના આંતરિક અસંતોષ અને વર્તમાન નેતૃત્વ સામેની નારાજગી ચર્ચાનો વિષય બન્યો હતો. બેઠક દરમિયાન હોલમાં મોટી સંખ્યામાં ખાલી રહેલી ખુરશીઓએ પણ ઉદ્યોગકારોની ગેરહાજરી તરફ ધ્યાન દોર્યું હતું. હાજર સભ્યો પૈકી ઈશ્વર પટેલે જણાવ્યું હતું કે, એસો.ની હાલત આમદની અઠ્ઠની ખર્ચા રૂપૈયા જેવા ઘાટની થઈ ગઈ છે. જેથી નવા સભ્યો બનાવવાની તાતી જરૂરિયાત વર્તાય રહી છે. પરંતુ છેલ્લાં એક વર્ષમાં માત્ર બે જ નવા સભ્યો જોડાયા છે જે દુઃખદ વાત કહેવાય. તો માજી પ્રમુખ સત્યેન્દ્રકુમારે જણાવ્યું હતું કે, એકતરફ સરકાર એમ.એસ.એમ.ઈ. એકમોને પ્રોત્સાહન આપી રહી છે. પરંતુ દમણમાં એલ.ટી કનેક્શનધારકોને 100 કે.વી. ના 150 કે.વી કરવાને બદલે તે લોડ ઘટાડી દેવામાં આવ્યો છે. વધુ લોડ લેવા માટે નાના એકમોને પણ રૂ.2થી રૂ.5 લાખ સુધીનો ખર્ચ કરવો પડતો હોય છે ત્યારે આવા સંજોગોમાં ડી.આઈ.એ. દ્વારા આ મુદ્દે કોઈ ઉગ્ર રજૂઆત કરવામાં આવી નથી. ત્યારે આરોપ-પ્રત્યારોપ કરવાને બદલે ઉદ્યોગોના હિતમાં કામ થવું જોઈએ જે છેલ્લાં એક વર્ષમાં ઉદ્યોગોના હિતમાં એક પણ કામ થયું નહીં હોવાનો આક્ષેપ થવા પામ્યો હતો.


